R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-


# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

SEPTEMBER - 2017


Total - 36 Pages

Vol No. 61 Issue No.6



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ઘરીવાળા) પુરસ્કૃત
## ૬૬મો વાર્ષિક રસોત્સવ યોજે છે.

# સદાબહાર ગાને
## રોમેન્ટીક સોંગ



## મનિષ જોષી દ્વારા



**તા. ૦૫-૧૧-૨૦૧૭, રવિવાર - સમય : સવારે ૯.૩૦ કલાકે**

**સ્થળ : બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ**

**મુખ્ય મહેમાન : શ્રી પંકજભાઈ કાંતીલાલ ધારીઆ (લાલખા)**

**ટિકીટનું વિતરણ : ૨૯-૧૦-૨૦૧૭, રવિવારે, સમય : સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે**

નીચે જણાવેલ સ્થળ પરથી ટિકીટો મળશે.

| | | |
|---|---|---|
| ૧) | **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ** | : ૪૫/૪૯ બાબુગેનું રોડ ૧ લો માળે,ુંબઈ - ૨ |
| ૨) | **વાંદરાથી ગોરેગામ** | : **શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી :** બી૧/૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લા (વેસ્ટ), મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬ |
| ૩) | **મલાડ થી કાંદિવલી** | : **કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી) :** એ-૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વે). મોબાઈલ : વસંત પરીખ - ૯૮૨૧૦૫૪૩૨૯ |
| ૪) | **બોરિવલી થી વિરાર** | : **શ્રી તેજસ હેમેન્દ્ર શાહ (ચકવા) :** સી-૩૦૨, સુમેરનગર એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ), મોબાઈલ : ૯૮૨૦૦૧૧૫૮૬ |

**નોંધ : વ્યક્તિ દીઠ બે ટિકિટ આપવામાં આવશે. ટિકિટનું વિતરણ વહેલા તે પહેલા ધોરણે થશે**

**વિતરણના દિવસે ટિકીટો વધશે તો નીચે જણાવેલ સ્થળ થી મેળવી લેવી.**

**શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ :** ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨ જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩

**સંપર્ક : શ્રી સૌમિલ મોદી : ૨૩૪૦૦૫૦૨ - ૯૯૨૦૨૧૩૪૨૬**

આ કાર્યક્રમ માણનારનો આનંદ જળવાઈ રહે માટે સૌ આમંત્રિત અને પ્રેક્ષકોને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** | **સંયોજક : શ્રી સુનીલ નવિનચંદ્ર મોદી**

# જ્યોતિ પુંજ


**વર્ષ** **અંક** **તારીખ**

૬૧ ૬ ૨૧-૯-૨૦૧૭

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)

(જુનાગઢવાળા)

જતીન દેસાઈ / પ્રશાંત પરીખ

તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ

મનીષા નિ. શાહ

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,

નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી

કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

### શિખરના સફળ શિલ્પી
### નૂતન વર્ષાભિનંદન
### દશેરા - દિવાળીના વધામણાં

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

મારા અને મારા પરિવાર તરફથી આપ સર્વને નવા વર્ષના સાલમુબારક. દશેરા - દિવાળીની શુભકામના. નવુ વર્ષ આપ સર્વના જીવનમાં સુખ, શાંતિ, સમૃધ્ધિ, ઐશ્વર્ય, વૈભવ, પ્રતિષ્ઠા પ્રદાન કરનારું નિવડે એવી હૃદયપૂર્વકની પ્રાર્થના. આત્મીય બાલાસિનોરવાસીઓની દેશ-વિદેશમાં પ્રગતિ થાય, પ્રતિભા ઝળકે, નામના અને કીર્તિ થાય એવી શુભેચ્છા. સમગ્ર સમાજમાં એકતા-સંપ-ભાઈચારો વધે અને અનેક ક્ષેત્રે નવા સાહસો ખેડાય તેવી અભ્યર્થના.

ભારતીય સમાજ અને ભારતીય વ્યાપાર સતત બદલાઈ રહ્યો છે. પોતાના ક્ષેત્રમાં શિખર પર પહોંચી સફળ રહેલા ભારતીય ઉદ્યોગજગતના માંધાતાઓ, શિલ્પીઓની અવનવી વાત આપણે કરીશું.

કોટક મહિન્દ્ર ના ઉદય કોટક કહે છે...

**તથ્ય પર ધ્યાન આપો, સ્વરૂપ પર નહિ**

**મૂલ્યોમાં વિશ્વાસ રાખો, માત્ર નફા પર નહિ**

સર્જનાત્મક ઉપર પ્રક્રિયાના મહત્વ પર વિચાર કરો. ભારતીયો મૂળે સર્જનાત્મક છે એટલે તરત નિર્ણય લેવા અને સહજ વૃત્તિમાં વિશ્વાસ રાખીએ છીએ. પણ હું તમને જણાવું છું કે એક સંસ્થાના નિર્માણ સમયે પ્રક્રિયાનો કોઈ વિકલ્પ હોતો નથી. વિદેશી કંપનીઓ સાથે મારા તમામ વ્યાપારે મને તે જ શીખવ્યું છે. 'તમે જેનું નિર્માણ કરો છો તે તમારા પછી જીવિત ન રહે તો તમે નિષ્ફળ છો તે જાણીલો.

ઉદય કોટકે પોતાના પ્રાથમિક રોકાણકાર આનંદ મહિન્દ્રાને કહ્યું કે,'આપણે બધી મોટી નાણાંકીય સંસ્થાઓ - મોર્ગન, રોટશિલ્ડ અને અન્ય સંસ્થાઓની જેમ આપણી કંપનીને આપણું નામ આપીશું. આપણે આપણા વ્યાપાર માટે પોતાનું નામ પણ દાવ પર લગાવવા તૈયાર છીએ તે લોકોને દેખાડીયું. ઉદય કોટક કહે છે કે પહેલા બેંક તેમની થાપણ પર માત્ર છ ટકા વ્યાજ આપતી હતી. જ્યારે કંપની તે જ બેંકમાં જઈને ઉધાર રૂપિયા માગે તો બેંક તેમની પાસેથી ૧૬.૫ ટકા વ્યાજ વસૂલતી હતી. તે વાત ઉદયને યોગ્ય ન લાગી. તે સમયે કોઈપણ માણસ તે નફાનું પ્રમાણ ઓછું કરી શકે તેનો ફાયદો ઉઠાવી સારા એવા રૂપિયા કમાઈ શકે તેમ હતો. નેલ્કો સાથેની યોજનામાં આ જ વાત કામ કરી ગઈ, વ્યાજ દર ઓછા રાખ્યા તે જ પ્રકારે સીધી લેણ-દેણ તેમજ તે જ સિધ્ધાંતોના આધારે બિલ ડિસ્કાઉન્ટીંગ કમિશનના બિલોની ચૂકવણી કરવાના ક્ષેત્રમાં પણ આવી ગયા. ૧૯૮૦ની શરૂઆતમાં વિદેશી બેંકે મોટા આંતરરાષ્ટ્રીય ભંડોળ સાથે ભારતમાં આવી સરકારી નિયમોને કારણે તે બેંક ભારતમાં વ્યાપાર કરવા બહુ રૂપિયા લગાવી શકે તેમ નહોતી. તે બધી બાબાતોને, વાતોને ધ્યાનમાં રાખઈને તેઓ નવી યુરોપીય બેંક માટે નાણાંની વ્યવસ્થા કરવા લાગ્યા. ક્રિકેટ અને ગણિતમાં હોંશિયાર એવા ઉદય કોટકે સિડ્નહામ કૉલેજમાં ત્રીજા વર્ષ સુધી પોતાની અલગ ઓળખ ઊભી કરી લીધી અને યુનિવસિર્ટીમાં તેમણે પ્રથમ સ્થાન મેળવ્યું. વ્યાપારમાં પણ નવા નવા સાહસ ખેડવામાં તેઓ હંમેશા અવ્વલ રહ્યાં.

આદિત્ય બિરલા ગ્રુપના કુમાર મંગલમ બિરલાના વિચારો જાણીએ. તેઓ કહે છે,'આખી દુનિયા માટે હું કોઈ ખાસ માણસ નથી. મારું માનવું છે કે મને કોઈ ઓળખતું પણ નથી. બિરલા સમયના મહત્વ અને મૂલ્ય સારી રીતે સમજતા હતા અને તેમાં જરા પણ ઢીલાશ રાખતા નહોતા. સમય કરતા આગળ રહેવું તેમની ખાસિયત હતી. બીજું એમને દંભ કયારેય પસંદ નહોતો અને આજે પણ નથી. અમારામાં પારિવારિક ભાવનાનાં મૂળ બહુ ઊંડા હતાં. વ્યાપારમાં કોઈ એક માણસ પર નિર્ભર રહેવાને બદલે એક સમૂહને શક્તિશાળી બનાવવું વધુ મહત્વપૂર્ણ છે.

પિતા આદિત્ય બિરલાનું જ્યારે ૧૯૯૫માં મૃત્યુ થયું ત્યારે ગ્રુપની કુલ કિંમત ૮,૦૦૦ કરોડ રૂપિયામાં હતી પણ કુમારે માત્ર પોતાની વારસાગત સંપત્તિથી જ સંતોષ ન માન્યો. તેમણે પોતાના પિતાના સામ્રાજ્યનો પરિવર્તન સાથે વિસ્તાર કર્યો. તેમણે ગ્રુપની અંદર અને બહાર ઘણી બધી નીતિ બદલી નાખી અને તેમના ગ્રુપની બજાર કિંમત અનેક ઘણી વધારવામાં અગ્રેસર રહ્યાં.

કુમારે બિરલાની છબીને વધુ ચમકાવી. તેની અંદર જ એક નાની બ્રાન્ડની રચના કરી ને 'આદિત્ય બિરલા' ગ્રુપની તેના અલગ ચિન્હ (લોગો) ની સાથે. આ ઉપબ્રાન્ડનું નિર્માણ શા માટે ? જવાબમાં કુમાર કહે છે આંતરિક સુધારા સ્વરૂપે, નિશ્ચિત મૂલ્યોને ગ્રુપમાં સ્થાપિત કરવા જેમ કે યૌવન, તાજગી, વૈવિધ્ય, વિશ્વાસ, પરંપરા, આધુનિકતા, વિકાસ અને ગુણવત્તા.

શિખરના અન્ય સફળ શિલ્પી **સુનીલ મિત્તલના શબ્દો** – મારા માટે ઈશ્વરની કોઈ યોજના છે, હું તો માત્ર તેનો અમલ કરું છું. કોઈની સાથે છેતરપિંડી કર્યા વિના અને કોઈપણ કાયદાનું ઉલ્લંઘન કર્યા વિના અમે માત્ર એક દાયકામાં વિશ્વની શ્રેષ્ઠ મોબાઈલ **ટેલિકોમ્યુનિકેશન** કંપની બનાવી શકયા.

**વિપ્રો લિમિટેડના અઝીમ પ્રેમજી** કહે છે હું

જાણતો હતો અમે સુખી સંપન્ન છીએ, પણ હું બહુ ધનિક ખાનદાનનો નબીરો છું. તેવો કોઈ આભાસ નહોતો. હું લોકોને તેમના વિભાગ એવી રીતે ચલાવવા પ્રોત્સાહિત કરું છું કે જાણે તે પોતાનો જ વ્યવસાય ચલાવી રહ્યા હોય.

**ઝી ટેલીફિલ્મ્સ્ અને એસ્સેલ ગ્રુપના સુભાષ ચંદ્રા** કહે છે હું એક ઉદ્યોગ સાહસિક છે. અને જાણું છું કે હું શૂન્યમાંથી સર્જન કરી શકું છું. અમારી પાસે કોઈ પણ ધંધો કરવા મૂડી નહોતી એટલે મેં એવું કંઈક શોધવાનો પ્રયાસ કર્યો જે અમે રૂપિયા રોક્યા વિના કરી શકીએ. અમે અમારા દર્શકોને ટેકન ફોર ગ્રાન્ટેડ લેતા હતા અને જ્યારે આવું થાય ત્યારે કોઈ પણ તમને હરાવી શકે છે.

**ઈસ્ટ ઈન્ડિયા હોટેલ્સના બિક્કી ઓબેરોય** કહે છે હું મારા જીવનમાં શરૂઆતમાં ૩૨ વર્ષ માત્ર ફર્યો જ છું. જેને ખરેખર પરેશાની થઈ હશે તેવા દસમાંથી એક જ ફરિયાદ કરવાનું વિચારે છે. જો મને કોઈ હોટલમાં પરેશાની થાય તો ફરી તેમાં ઉતરવાનું પસંદ ન કરું. કોઈ એરલાઈન્સની સેવામાં મુશ્કેલીનો અનુભવ થશે તો હું એરલાઈન્સ બદલી નાખીશ. ફરિયાદ કરવા ખરેખર મુશ્કેલ છે. હું દરેક બાબત પર નજર રાખું છું અને તે આ વ્યાપારમાં બહુ જરૂરી છે.

પિતા રાય બહાદુરની દીર્ઘદૃષ્ટિથી ઈન્ટરકોન્ટિનેંટલ સાથે સમજૂતી કરી. યુ.એસ.એક્ઝિમ બેંકમાંથી સસ્તા દરે લોન લીધી અને ૧૯૬૫ની શરદઋતુમાં ઓબેરોય ઈન્ટર કોન્ટિનેંટલની શરૂઆત થઈ. તે આંતરરાષ્ટ્રીય સ્ટાઈલમાં બનેલી ભારતની પ્રથમ હોટલ હતી. ઓબેરોય આંતરરાષ્ટ્રીય શ્રેણી બનતા અને ઘણી વિદેશી કંપનીઓ સાથે સહયોગ ને કારણે બિક્કીના પ્રવાસી દિવસ વધુ કામના લાગવા લાગ્યા. એક દાયકા કરતાં પણ વધુ સમય સુધી આંતરરાષ્ટ્રીય ખેલાડી બની રહેવાનો અનુભવ જેમ કે તેના પિતાએ અનુમાન લગાવ્યું હતું. છેવટે એક અમૂલ્ય શોધ અને વિકાસનો અનુભવ બન્યો.

ટાટા ગ્રુપના રતન ટાટા કહે છે નિવૃત્તિ લેવાથી કાર્યનો અંત આવતો નથી. હું નિવૃત્તિની આતુરતાપૂર્વક રાહ જોઉં છું જેથી અન્ય કાર્યો કરી શકું. નવા ચેરમેન ટાટાના મૂલ્યોમાં ઊંડી શ્રધ્ધા ધરાવતા હોવા જોઈએ. હું ક્યારેય અસુરક્ષિતતા અનુભવતો નથી. ન કોઈ હરીફથી કે ન ટાટા ગ્રુપમાં કોઈની હાજરીથી.

સમય, સંજોગો, નવા નવા કાયદા કાનૂન દરેક બાબતમાં મહત્વનો ભાગ ભજવે છે. વર્તમાનના સાધનો, ઓજારો, સંબંધો, ઓળખાણો એ રીતે સજાવવા રહ્યા કે જેવી ભવિષ્ય વધુ ઉજ્જવળ બને. નવી પેઢી માટે નવી તક લાવતું રહે. ❖❖❖❖❖

# મૂર્તિયા ઈશ્વર છે?

- શૈલેશ કી. દેસાઈ

પરમાત્મા, ઈશ્વર કે પ્રભુનું અસ્તિત્વ છે કે નહી એ પ્રશ્નનું ઝાઝું મહત્વ નહી આંકનારા બધા જ નાસ્તિકો જીવનની કોઈને કોઈ પળે પરોક્ષ રીતે પણ ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. પરમાત્માના સૂક્ષ્મ કે સ્થૂળ, સ્વરૂપ વિશે જગતમાં સર્વે જગ્યાએ વાદવિવાદો, મતભેદો કે મતમતાંતરો તો હંમેશા રહેવાના જ. તેનો અંત કયારેય નહી આવે. પરમાત્માનું સ્વરૂપ (પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ) એ તો મનુષ્યની શ્રધ્ધા, આસ્થા અથવા ભાવનાનો ગૂઢ વિષય છે. ઈશ્વર કયા સ્વરૂપે છે એ મતભેદોનું ખરુ કારણ છે જ નહી. વાસ્તવમાં કહેવાતા જ્ઞાનીઓ પોતાના અહંમની તૃપ્તિ ખાતર અન્યોની માન્યાતાઓનો છેદ ઉડાડી દેવામાં જ મર્દાનગી અનુભવતાં હોય છે. આવા પ્રપંચીઓ ઈશ્વરના અસ્તિત્વની સાબિતીઓ કે પ્રમાણોની વાહિયાત માંગણીઓ કરતાં હોય છે એમને ખબર જ હોય છે કે પરમાત્માના અસ્તિત્વની સાબિતીઓ ક્યારેય સંભવ નથી. ધૂતારાઓ હંમેશા આત્મવિશ્વાસથી ભરપૂર હોય છે. જ્યારે બુધ્ધિ જીવીઓ શંકાકુશંકાના કુંડાળામાંથી કદી પણ બહાર નીકળી શકતા નથી.

પ્રત્યેક મનુષ્યનો ઈશ્વર એની શ્રધ્ધા પ્રમાણે ભલે જૂદો હોય પણ અંતે તો સૌનો ઈશ્વર એક જ છે. કંટાળી જઈને, થાકી જઈને, ત્રાસી જઈને, હતાશ થઈને, હારી જઈને આખરે મનુષ્ય પરમાત્માનું શરણ શોધે છે કારણ કે એના સર્વે કષ્ટોનું નિરાકરણ કેવળ પ્રભુની શરણાગતિની સહર્ષ સ્વીકૃતિમાં જ છે. શરીરમાં ગયેલું અન્નકોણ પચાવે છે. પંદરમાં અધ્યાયનો શ્લોક છે કે

**અહ્મ વૈશ્વા નરો ભુત્વા, પ્રાણીનામ્ દેહ માશ્રીત,**
**પ્રાણાપાન સમાયુક્ત પંચામ્યહ્મમ્ ચતુર્ભિષ્યમ્.**

કે જે મનુષ્યના દેહમાં આશ્રય લઈને પ્રાણ અને અપાન વાયુથી ને ચાર એસીડથી જ અનાજ હું જ પચાવું છું. જગતના કોઈ વિજ્ઞાને પાચન માટે મશીન શોધ્યું નથી. શ્વાસોશ્વાસની પ્રક્રીયામાં કોઈ ભૂલ થતી નથી. તે તેના સમય ને નિયમ પ્રમાણે જ શરીરને ચલાવે છે.

ખરેખરતો ઈશ્વર, વ્યક્ત થતો નથી પણ મનુષ્યની વૈચારિકતા વ્યક્ત થાય છે. મનુષ્યનું જેવું મન (વિચાર) એવો એનો ઈશ્વર!

પ્રભુને રંગબેરંગી વાઘા પહેરવામાં આવે એમને સ્નાન કરાવીને સુંગધિત દ્રવ્યોથી 'ફ્રેશ' કરવામાં આવે છે. ઊંઘાડવામાં, જગાડવામાં સાથે નોટોની થોકડીઓ સુવર્ણ અને ચાંદીની કિંમતી ભેટ સોગાતો ધરીને પ્રભુને લલચાવવામાં આવે છે. પ્રભુ હવે તો ખુશ થાઓ એમ કહીને એમને ભ્રમમાં નાખવામાં આવે ત્યારે ઈશ્વર નિશ્ચિતપણે મનુષ્યને અહોભાવની દૃષ્ટિએ નિહાળવા લાગે છે.

પરમાત્માનું સ્વરૂપ તો સૂક્ષ્મ છે એનું અસ્તિત્વ તો એક અનુભૂતિનો વિષય છે. મનુષ્યના વિશ્વાસ કે શ્રધ્ધાની એક ભાવાત્મક વાત છે. એમાં વળી ગુણો ક્યાં હોય? પરંતુ પરમાત્માના ગુણોનો વિચાર કરતી વખતે જ્ઞાનીઓની દ્રષ્ટિ સમક્ષ સદૈવ મનુષ્યનું ચિત્ર ખડું થાય છે. તેઓ પરોક્ષ રીતે મનુષ્યજાતના શ્રેષ્ઠ ગુણો જ પ્રભુમાં સ્થાપિત થયેલા જુએ છે પ્રત્યેક મનુષ્યમાં ત્રણ પ્રકારના સાત્વિક, રાજસી અને તામસી ગુણો વિદ્યમાન હોય છે. પણ સપ્રમાણે નહી. એ પૂર્વજન્મોના કર્મફળોના પરિપકવ રૂપે વર્તમાન જન્મમાં મળેલ જન્મજાત સંસ્કારો છે. જ્ઞાનીઓનું ધ્યાન ફક્ત

સાત્વિકગુણો પર સ્થિર હોય છે. બાકીના બે સાથે ઈશ્વરને કોઈ સંબંધ નથી એમ તેઓ માને છે.

કોઈપણ વિષય પ્રત્યે એકાગ્રતા કેળવવા એ વિષયના ગુણો પ્રત્યે ધ્યાન આકર્ષણ અતિ જરૂરી છે. દૃષ્ટિ સામે કંઈક હોવું જરૂરી છે. નજર સમક્ષ કંઈ નથી તો વિચારની (મનની) સક્રિયતા પણ નથી વિચાર વિષય અને કર્મ સ્વરૂપ ગુણની ઐક્ય ચાવી છે પછી ભલેને તે સ્વરૂપમાં કાલ્પનિક કેમ ન હોય પથ્થરની મૂર્તિમાં પ્રભુના ગુણો સ્થાપિત કર્યા પછી માણસ એ મૂર્તિને ઈશ્વરનું દિવ્ય સ્વરૂપ માનવા લાગે છે. આ એક સમયનો મામૂલી પથ્થર પરમાત્મા તરીકે પૂજાવા લાગે છે. નિષ્કર્ષરૂપે મૂર્તિ પૂજા દ્વારા મનુષ્ય સર્વોત્તમ ગુણોનું પોતાનામાં સીંચન કરવા મથે છે અને દુષ્કર્મોથી અલિપ્ત રહેવાના પ્રયત્નો કરે છે. મનુષ્ય પથ્થરની મૂર્તિમાં પોતાની જાતને જોવા પ્રયાસ કરે છે. હું જ બ્રહ્મ છું એવી દિવ્યાનુભૂતિ કરે છે. આપણી જ્ઞાતિમાં મૂર્તિપૂજા નથી કરાતી પણ બેઠકજીની સેવા કરાય છે. જો કે મૂર્તિ પૂજાથી એકાગ્રતા વધે છે.

✤✤✤✤✤

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**શ્રીમતી સ્વાતિબેન ઉમેશ પરીખ (ભગત)** તરફથી રૂા. ૧૫,૦૦૦/-નું માતબર દાન મળ્યું છે. તેમની પૌત્રી **કુમારી રઈશા ધરીત પરીખ**ના જન્મ નિમિત્તે આ રકમ દિવાળી પર્વ આર્થિક રાહત યોજનામાં વાપરવી. **- મંત્રી ભાવેશ મોદી**

# સાવધાન જીવ લઈને જંપતી, બ્લ્યુ વ્હેલ ગેઈમ

- નિમિષા કડકીઆ (તંત્રી મંડળ)

યુવાનોના મિત્ર બનો, સાવધ રહો

અહીં આપણે બ્લ્યુ વ્હેલ નામની માછલી નહીં, પરંતુ એક ઓનલાઈન ખતરનાક ગેઈમ વિષે જાણીશું. જે ગેઈમે દુનિયાભરમાંથી સેંકડો ટીનેજર્સનો ભોગ લીધો છે.

આ ઓનલાઈન ગેઈમ ઈંટરનેટ પરથી સીધી ડાઉનલોડ નથી શકાતી કે નેટ પર સર્ચ કરવાથી નથી મળતી. આ ગઈમનો એડમીન જ બાળકોનાં ડીવાઈસ મોબાઈલ, આઈપેડ, ટેબ્લેટ વગેરે પર લીંક મોકલે છે. જે ડાઉનલોડ કરી લેવાય તો મોબાઈલનો બધો જ ડેટા એડમીન કોપી કરી શકે છે અને ત્યારબાદ ગેમ રમવા માટે દબાણ આપવામાં આવે છે. ત્યારબાદ શરૂ થાય છે '૫૦' દિવસની આ જીવલેણ રમત. આ ગેઈમમાં એડમીન રોજ અલગ-અલગ ચેલેંજીસ (ટાસ્ક) આપે છે. જેમ કે શરીર પર (અંગો પર) જખમ બનાવવા, બ્લેડથી માછલીનો આકાર કોતરવો, અડધી રાત્રિનાં ઉઠીને ડરાવતી ફિલ્મ એકલા એ જ જોવી, મિત્રો સાથે ઝઘડીને સંબંધ તોડી લેવો, ઘરના બધાથી દૂર રહેવું, એકલા રહેવું અને ધીરે ધીરે આ રમત બાળકોને (રમનારને) મોત તરફ જવા પ્રેરે છે. આ રમતમાં છેલ્લી ચેલેંજ પોતાની જીવ લઈ લેવાની હોય છે.

દિલ્હીનાં ડૉ. સમીર પરીખ (Director of Mental Health and behavioual Science, Fortis Hospital) નું કહેવું છે કે ટીનેજર્સ કે જે આ ઉંમરમાંથી પસાર થઈ રહ્યા હોય છે એમનામાં આંતરિક ગડમથલ ચાલી જ રહી હોય છે, જેમકે હું કોણ છું ? મારી આસપાસનાં લોકો (મિત્ર, મા-બાપ, ભાઈ-બહેન વગેરે) ને હું ગમું છું કે નહીં ? શું હું એકલો જ છું. જેવા અનેક પ્રશ્ન બાળકોનાં મગજમાં ચાલતા હોય છે. આજ વાતનો ફાયદો બ્લ્યુ વ્હેલ ગેમનો એડમીન ઉપાડે છે. એ ગેઈમ દ્વારા બાળકોનાં મન-મસ્તિક પર સવાર થઈને એકલા રહેવા પ્રેરે છે. આ ગેઈમમાં એક પછી એક ચેલેંજ (ટાસ્ક) પૂરી કરવા બાળકો પોતાનો જીવ આપતા પણ અચકાતા નથી.

ભૂલથી ઘરના, કુટુંબના બાળકથી આ ગેઈમ ચાલુ થઈ ગઈ તો ડર્યા વગર, પૂરેપૂરી હિંમતથી પોલિસનો સંપર્ક સાધો. બાળકને વઢવા કરતા દસગણી હોંશિયારીથી સમજાવો અને બાળકને આપઘાત કરતા, જીવ આપી દેતા બચાવી લો. ✤✤✤✤✤

# શ્રી પંકજભાઈ કાંતીલાલ ધારીઆ (લાલખા) રસોત્સવના મુખ્ય મહેમાનનો પરિચય



શ્રી પંકજભાઈ કાંતીલાલ ધારીઆ

સમાજના ઉત્કર્ષ અને ઉત્થાન માટે હરહંમેશ તત્પર અને કાર્યકુશળ એવા શ્રી પંકજભાઈ કાંતીલાલ ધારીઆ (લાલખા)નેં બિરદાવતા શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ગર્વ અનુભવે છે. મુંબઈ મુકામે જન્મ, એક ભાઈ અને ત્રણ બહેનના પરિવારના હેતમાં શ્રી પંકજભાઈ ધગશપૂર્વક ભણ્યા, સિધ્ધાર્થ કોલેજમાં B.Com. સુધીનો અભ્યાસ રહ્યો.

શ્રી પંકજભાઈ પિતાના બિઝનેસમાં ૧૯૬૬માં જોડાયા. માર્કેટીંગ તથા ફાઈનાન્સના આ બિઝનેસમાં ખૂબ ખંતપૂર્વક મહેનત કરી, પ્રગતિ કરી અને ૫૦ થી પણ વધુ વર્ષ અથાગ પુરુષાર્થ દ્વારા અનન્ય સફળતાને વર્યા. જીંદગીના મુકામમાં ઘણાં વળાંક આવે છે જે જીવનને નવી દિશા બક્ષે છે. આવો જ એક સુંદર વળાંક શ્રી પંકજભાઈના જીવનમાં આવ્યો. જ્યારે તેઓ શ્રી પ્રદિપભાઈ કાંતીલાલ મોદી (દેવ)ના સંપર્કમાં આવ્યા. ખૂબ જ વિરલ વ્યક્તિત્વ, પરમ સેવાનિષ્ઠ એવા શ્રી પ્રદિપભાઈ દેવે શ્રી પંકજભાઈને સમાજની સંસ્થામાં કાર્ય કરવા પ્રેરણા આપી પ્રોત્સાહન આપ્યું અને સમાજ માટે કંઈ વિશેષ કરવાની હોંશથી શ્રી પંકજભાઈ પહેલ વહેલ વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળમાં જોઈન્ટ થયા. આ સંસ્થામાં ૧૭ વર્ષથી સેવા આપી રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી પ્રમુખપદ શોભાવી રહ્યા છે. તે જ પ્રમાણે વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ, મેડીકલ ટ્રસ્ટમાં હંમેશ કાર્યરત રહ્યા છે. એમ કહેવાય છે કે છેલ્લા ત્રણ વર્ષની સખત મહેનત ફળી છે અને મેડીકલ ટ્રસ્ટે ઘણી પ્રગતિ કરી છે. માર્કેટીંગના બિઝનેસનો અનુભવ અહીં ઘણો ઉપયોગી થઈ પડયો છે જેના પ્રતાપે હેલ્થ કેર ટેકનોલોજીમાં અગ્રેસર એવી ત્રણ સંસ્થાઓ સાથે મેડીકલ ટ્રસ્ટે ટાઈ-અપ (ગઠબંધન) કર્યું છે. નામ આ પ્રમાણે છે (૧) મેટ્રોપોલિસ હેલ્થકેર (૨) એનએમ મેડીકલ (૩) ઈમેજીન પોઈન્ટ. આ ત્રણે સંસ્થા દ્વારા મળતા ડીસ્કાઉન્ટને લીધે ઘણી રાહત પ્રાપ્ત થઈ છે અને અમને જણાવતાં આનંદ થાય છે કે આપણા ગામના, સમાજના ઘણા લોકો આ સેવાનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યાં છે. સાથે સાથે બહારના જ્ઞાતિજનો પણ ઓછી કિંમત અને સર્વોત્તમ સેવા, શ્રેષ્ઠ પરિણામનો સુંદર લાભ મોટી સંખ્યામાં લઈ રહ્યાં છે. ટેકનોલોજી ક્ષેત્રે સફળ આ ત્રણે સંસ્થાઓની ઉત્કૃષ્ટ કામગીરી લોકોને આકર્ષે છે. સચોટ પરિણામ બક્ષે છે. આ સર્વના પ્રતાપે મેડીકલ ટ્રસ્ટની સેવામાં લોકજુવાળ ઉમટયો છે. જે ખરેખર મોટુ સિધ્ધિપ્રાપ્ત લક્ષ્યાંક છે. વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ તેમજ મેડીકલ ટ્રસ્ટ ઉપરાંત અન્ય સંસ્થાઓ માટે પણ શ્રી પંકજભાઈ લાલખાએ સેવા આપી છે.

તેઓશ્રીએ બાલાસિનોર પ્રગતિ સમાજમાં ૧૦ વર્ષ સુધી સેવા પ્રદાન કરી છે. તેમાં છેલ્લા બે વર્ષ તેઓ પ્રમુખ રહ્યા છે. તે દરમ્યાન યુવા પ્રતિભાઓને બહાર લાવીને તેમણે **'પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ'**ના નેજા હેઠળ કાર્ય કરી સમાજના બીજા યુવાનોને પ્રોત્સાહિત કર્યા છે. હાલમાં KMG હોસ્પીટલ, બાલાસિનોર ખાતે એક્ટિવ કમીટી મેમ્બર છે. વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી. માં અત્યારે એક્ટીવ કમીટી મેમ્બર છે. તેમજ


સ્વ. લીલાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળમાં ટ્રસ્ટી છે.

શ્રી પંકજભાઈના પરિવારમાં ધર્મપત્ની તેમજ એક પુત્ર એક પુત્રી છે. શ્રી પંકજભાઈના ધર્મપત્ની દિપીકા, તેઓ મોહનલાલ સાંકરલાલ (દેવ)ના દિકરી છે. શ્રી મોહનલાલ દેવ પણ ગામમાં સેવામાં અગ્રેસર રહ્યા છે. શ્રીમતી દિપીકા લાલખાએ સિડનૅમ કોલેજમાં BA સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ પણ પિતા તેમજ પતિની માફક સેવા માટે હંમેશા તત્પર હોય છે. વૃધ્ધાશ્રમમાં જઈને ખાસ મદદગાર બને છે. ત્યાં એકલા જઈને પણ સેવા અર્પણ કરે છે. મુંબઈના લગભગ તમામ વૃધ્ધાશ્રમની તેઓ મુલાકાત લઈ ચૂક્યા છે અને દરિયાદીલી બતાવી છે. તે ઉપરાંત મ્યુનીસીપલ શાળાના બાળકોને અભ્યાસ કરાવવા હંમેશા આતુર હોય છે. શોખથી ઘણા બાળકોને ઘરે બોલાવી અંગ્રેજી વગેરે શિખવાડે છે.

શ્રી પંકજભાઈનો દીકરો શૈશવ ધારિયા M.S., M.B.A. ની ડીગ્રી ધરાવે છે. અમેરિકામાં Mckinsey & Co. માં ૧૭ વર્ષનો અનુભવ મેળવી Associate Partner રહી ચૂકયા છે. હાલ લોઢા ગ્રુપમાં ડીરેક્ટરની પોસ્ટ શોભવે છે. તથા ડોંબીવલી ખાતે "Palava City" નાં Regional CEO છે. તેઓનાં ધર્મપત્ની શીતલ ધારિયા CPA અને MBAની ડીગ્રી ધરાવે છે. તથા હાલમાં તેઓ પિતાશ્રીના Video Editing નો Businesss સંભાળી રહ્યા છે.

દિકરી નેહા (MBA) ઘણી મહત્વની લીડરશીપ ટેલીકોમ ઈન્ડસ્ટ્રીઝમાં ફાઈનાન્સ ક્ષેત્રે ભોગવી ચૂકી છે. ADP's Enterprise Channel માં ફાઈનાન્સ ક્ષેત્રે VP રહી ચૂકી છે. અત્યારે ફાઈનાન્સમાં ૨૫ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. જમાઈ નિશીથ સફળ ટેકનોલોજીસ્ટ છે. મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન્સ ક્ષેત્રમાં રસ ધરાવે છે અને બહોળું નામ પ્રદાન કર્યું છે. Cognosos Inc. માં Co-founder તેમજ CTO છે. ✤✤✤✤✤

આરતી તો તારતી

## ।। શ્રી યમુનાજીની આરતી ।।

જય જય શ્રી યમુના મા (૨) જોતાં જન્મ સુધાર્યો (૨) ધન્ય ધન્ય તમે ધન્ય જય જય

શામલડી સુરત મુરતી માધુરી માં (૨) પ્રેમ સહિત પટરાણી (૨) પરાક્રમે પુરાં મા જય- જય (૨)

ગહવર વન ચાલ્યાં મા (૨) ગંભીરે ઘેર્યાં મા (૨) ચુંદડીએ ચટકાળાં માં, પહેર્યા ને લહેર્યા જય જય (૨)

ભુજ કંકણ રૂડાં માં (૨) ગુજરીઓ ચુડી માં (૨) બાજુબંધ ને બેરખા, પોંચી રત્નજડિત. જય જય (૨)

ઝાંઝરને ઝમકે માં (૨) વિંછીડીઓ ચુડી માં (૨) બાજુબંધ ને બેરખા, પોંચી રત્નજડિત. જય જય (૨)

ઝાંઝરને ઝમકે માં (૨) વિંછીયાને ઠમકે મા (૨) નેપુરને નાદે મા, ઘુઘરીઓ ઘમકે. જય જય (૨)

સોળે શણગાર સજયા મા (૨) નકવેસર મોતી મા (૨) આભરણમાં ઓપો છો મા, દરપણ મુખ જોતાં જય જય

તટ અતંર રૂડાં મા (૨) શોભિત જલ ભરીયાં મા (૨) મનવાંછિત મોરલીધર, સુંદર વરવરીયાં જય જય

લાલ કમળ લપટાણા મા (૨) જોવાને ગયાં તા મા (૨) કહે માધવ પરિક્રમા વ્રજની કરવાને ગયાતા જય જય

જમુના માની આરતી મા જે પ્રેમ ગાશે મા (૨) (તેના) જન્મ જન્મના પાપે સર્વે દૂર થશે,
(તેને) યમુનાપાન થશે. જય જય (૨)

જમુના માની આરતી મા વિશ્રામ ઘાટે થાય મા (૨) લાખો કરોડો વૈષ્ણવ દર્શન કરવા જાય જય જય (૨)

## ।। શ્રી કૃષ્ણાય નમ : ।।

## ।। શ્રી જમનાજીની આરતીનું ઘોળ ।।

જય જય મહારાણી જમુના, જય જય પટરાણી જમુના

સુંદર સત્યવંતી નાર તપ કરીને પ્રભુને આરાધિયા, પ્રીતે પરણ્યા મોરાર જય જય

સૂરજ દેવતાની દીકરી, વેદ પુરાણે વખાણ; ભાઈને વ્હાલીરે બ્હેનડી, પસલી આપી છે સાર જય જય

રૂપે રૂડાં જળ શ્યામળાં, વેગે ચાલે ગંભીર; તીરે તો રંગ ઓપતાં, વ્રજ વધ્યો વિસ્તાર, જય જય

ચરણ ચોળીને ચુંદડી, ઉર પર લટકતા હાર; કંકણ કુંડલને ટીલડી, સજ્ય મા એ સોળે શણગાર જય જય

વદ્રાવન વીંટાઈ રહ્યું, મથુરા જય સ્થળ આધાર; ગોકુળ મહાવન પાસે વસ્યો, વ્હાલો મ્હારો નંદકુમાર જય જય

જળ જમુનાના ઝીલતાં, તૂટયા નવસર હાર; મોતી સર્વે વેરાઈ ગયા, હીરલો લાગ્યો છે હાથ જય જય

રામઘાટ શ્યામઘાટ ઠકરાણીઘાટ બીજાઘાટ અપારા; અજાણે અધર્મી નાહી ગયો, તેનો માએ કર્યો ઉદ્ધારજય જય

અઠ્ઠાવીસી કુડ ઉજ્જડ થયા, ભાઈનો ભાગ્યો ભણકાર પરાક્રમે ગેલ ચલાવીયાં, વ્રજમાં કીધો વિસ્તાર જય જય

નાહ્ય ગાય પયપાન જે કરે તેને જમનો નહી ભણકાર કર જોડી કહે 'હરિદાસ' ન્હાજો વારંવાર જય જય

જય જય મહારાણી જમુના, જય જય પટરાણી જમુના

- તુષાર કડકીઆ (બનડા) (તંત્રી મંડળ)


શ્રી નીતીન રસીકલાલ ગાંધી (લોટાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ



શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીયા (બનડા) ના જે જે શ્રી ગોકુલેશ

# સંવત ૨૦૭૩ના નવા વર્ષના શુકનવંતા ચોપડાઓ નોંધાવવા તથા લઈ જવાના તથા લક્ષ્મી પૂજન તથા શારદા પૂજનનાં શુભ મુહૂર્તો

- ગોર શ્રી ગોપાલ ભટ્ટ

**વિજ્યા દશમી (દશેરા)**

| | | |
|---|---|---|
| વિજય મુહૂર્ત | : બપોરે ૧૨.૧૭થી ૧૨.૪૧ | |
| ગુળિક સમય | : સવારે ૦૬.૦૦ થી ૦૭.૩૦ | |
| અપરાહન કાળ પૂજન સમય | : ૧૩.૪૦ થી ૧૬.૦૩ | |
| ચોઘડિયા | : **શુભ** - સવારે ૦૮ થી ૦૯.૩૦ | **ચલ** - બપોરે ૧૨.૨૯ થી ૧૩.૫૯ |
| | **લાભ** - બપોરે ૧૩.૫૯ થી ૧૫.૨૮ | **અમૃત** - બપોરે ૧૫.૨૮ થી ૧૬.૫૮ |
| | **શુભ/અમૃત** રાતના ૨૧.૨૮ થી ૨૪.૨૯ | |

**પુષ્ય નક્ષત્ર : સંવત ૨૦૭૩ આસો વદ ૮, શુક્રવાર તા. ૧૩.૧૦.૨૦૧૭**

| | | |
|---|---|---|
| વિજય મુહૂર્ત | : બપોરે ૧૨.૧૩ થી ૧૨.૫૭ | |
| ગુળિક કાળ | : સવારે ૦૭.૩૦ થી ૦૯.૦૦ | |
| ચોઘડિયા | : **ચલ** - સવારે ૦૬.૩૪ થી ૦૮.૦૨ | **લાભ** - સવારે ૦૮.૦૨ થી ૦૯.૩૦ |
| | **અમૃત** - સવારે ૦૯.૩૦ થી ૧૦.૫૭ | **શુભ** - બપોરે ૧૨.૨૫ થી ૧૩.૫૩ |
| | **ચલ** - સાંજના ૧૬.૪૯ થી ૧૮.૫૭ | |

**ધનતેરસ : સંવત ૨૦૭૩ આસો વદ ૧૩, મંગળવાર તા. ૧૭.૧૦.૨૦૧૭.**

**શ્રી યંત્ર પૂજન, ધન્વંતરી પૂજન, ચોપડા લાવવા ગાદી બિછાવવી, લક્ષ્મીપૂજન કરવું.**

| | | |
|---|---|---|
| ગુળિક સમય | : બપોરે ૧૨.૦૦ થી ૦૧.૦૦ | |
| વિજય મુર્હૂત | : બપોરે ૧૨.૧૨ થી ૧૨.૩૩ | |
| ગોરજ સમય | : સાંજે ૧૭.૪૫ થી ૧૮.૧૫ | |
| ચોઘડિયા | : **ચલ** - સવારે ૦૯.૩૦ થી ૧૦.૫૭ | **લાભ** - સવારે ૧૦.૫૭ થી ૧૨.૨૪ |
| | **અમૃત** - બપોરે ૧૨.૨૪ થી ૧૩.૫૨ | **શુભ** - બપોરે ૧૫.૧૯ થી ૧૬.૪૭ |
| | **લાભ** - સાંજના ૧૯.૪૭ થી ૨૧.૧૯ | **શુભ** - રાતના ૨૨.૫૨ થી ૨૪.૦૮ |

**દિપાવલી : સંવત ૨૦૭૩ આસો વદ અમાસ ગુરુવાર, તા. ૧૯.૧૦.૨૦૧૭**

**દિપ પ્રાગટય ઉત્સવ, મહાલક્ષ્મી પૂજન, કૂબેર પૂજન, શારદા પૂજન, ચોપડા પૂજન**

**અમાસ પ્રદોષકાળ યુક્ત હોવાથી આ દિવસે લક્ષ્મીપૂજન કરવું. ચોપડા પૂજન કરવું શાસ્ત્રોક્ત શુધ્ધ છે.**

| | | |
|---|---|---|
| ગુળિક કાળ | : સવારે - ૦૯.૦૦ થી ૧૦.૩૦ | |
| વિજય મુહૂર્ત | : બપોરે - ૧૨.૧૨ થી ૧૨.૩૬ | |
| ગોરજ સમય | : સાંજે - ૧૭.૪૫ થી ૧૮.૧૫ | |
| પ્રદોષ કાળ | : સાંજે ૧૮.૧૨ થી ૨૦.૩૯ | |
| ચોઘડિયા | : શુભ - સવારે ૦૬.૩૬ થી ૦૮.૦૩ | |
| | **ચલ** - સવારે ૧૦.૫૭ થી ૧૨.૨૪ | **લાભ** - બપોરે ૧૨.૨૪ થી ૧૩.૫૧ |
| | **અમૃત** - બપોરે ૧૩.૫૧ થી ૧૫.૧૮ | **શુભ** - સાંજે ૧૬.૪૫ થી ૧૮.૧૩ |
| | **અમૃત-ચલ** - રાતના ૧૮.૧૩ થી ૨૧.૧૮ | |

**લગ્ન શુધ્ધિ શુભ મુહૂર્ત**

| | | | | |
|---|---|---|---|---|
| ૧) | કુંભ લગ્ન | કુંભ નવમાંશ | બપોરે | ૧૫.૩૫ થી ૧૫.૪૫ |
| ૨) | વૃષભ લગ્ન | કુંભ નવમાંશ | રાતના | ૧૯.૫૮ થી ૨૦.૧૦ |
| ૩) | વૃષભ લગ્ન | વૃષભ નવમાંશ | રાતના | ૨૦.૩૬ થી ૨૦.૫૦ |
| ૪) | વૃષભ લગ્ન | સિંહ નવમાંશ | રાતના | ૨૧.૧૭ થી ૨૧.૩૧ |

**બેસતુ નવું વર્ષ : વિક્રમ સંવત ૨૦૭૪ કારતક સુદ -૧, શુક્રવાર, તા. ૨૦-૧૦-૨૦૧૭**

**સ્નેહ મિલન, ચોપડામાં મિતિ નાખવી, વડીલો, ગુરુના આશિર્વાદ લેવા.**

ગુળિક કાળ : સવારે ૭.૩૦ થી ૦૯.૦૦
વિજય મુહૂર્ત : બપોરે ૧૨.૧૨ થી ૧૨.૩૬
ચોઘડિયા : **ચલ** - સવારે ૦૬.૩૬ થી ૦૮.૦૩
**લાભ** - સવારે ૦૮.૦૩ થી ૦૯.૩૦
**અમૃત** - સવારે ૦૯.૩૦ થી ૧૦.૫૭
**શુભ** - બપોરે ૧૨.૨૪ થી ૧૩.૫૧
**ચલ** - રાતના ૨૧.૧૮ થી ૨૨.૫૧
ગોરજ સમય : સાંજના ૧૭.૪૫ થી ૧૮.૧૫

**લાભ પાંચમ - સંવત ૨૦૭૪, કારતક સુદ-૫, બુધવાર, તા. ૨૫.૧૦.૨૦૧૭**

**તુલા પૂજન, કાંટા પૂજન, ચોપડા પૂજન, મિતિ નાખવી, ગુરુ, વડીલોના આશિર્વાદ લેવા**

ગુળિક સમય : સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦
વિજય મુહૂર્ત : બપોરે ૧૨.૧૨ થી ૧૨.૩૬
ગોરજ સમય : સાંજના ૧૭.૪૫ થી ૧૮.૧૫
ચોઘડિયા : **ચલ** - સવારે ૦૬.૩૬ થી ૦૮.૦૩
**લાભ** - સવારે ૦૮.૦૩ થી ૦૯.૩૦
**અમૃત** - સવારે ૦૯.૩૦ થી ૧૦.૫૭
**શુભ** - બપોરે ૧૨.૨૪ થી ૧૩.૫૧
**ચલ** - સાંજે ૧૬.૪૫ થી ૧૮.૧૨
**લાભ** - રાતના ૨૧.૧૮ થી ૨૨.૫૧

## જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ

જ્યોતિપુંજમાં જાહેર કર્યા મુજબ ગ્રુપ નં-૧માં ૪ થું અને ૫ મું ઈનામ સરપ્રાઈઝ રાખ્યું હતું. તે વિજેતાઓનાં નામ નીચે મુજબ છે.

**૪ થું ઈનામ : જેનીશ કે. પરીખ** **૫ મું ઈનામ : ક્રીશ્વી જય દોશી**

**મુખપુષ્ઠ પરિકલ્પના**
**ત્વેશા નિમીષ શાહ (ઉજડાવાળા)**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## દર્દી માટે સરાહનીય ભેટ

શ્વાસની તકલીફ તેમજ ઓક્સિજનની પૂર્તિ માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘને શ્રી કિરીટભાઈ મોહનલાલ મોદી (દેવ) ની સ્મૃતિમાં તેમના ધર્મપત્ની શ્રીમતી તરૂલતાબેન કિરીટ મોદી (દેવ) તરફથી અનન્ય ભેટ - મશીન પ્રાપ્ત થયું છે. (ફિલિપ્સ ઓક્સિજન કોન્સનટ્રેટર)

જે કોઈને આ મશીન પોતાના ઘરના દર્દી માટે જોઈતું હોય તેણે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના સેક્રેટરી શ્રી ભાવેશ મોદી (ઠાસરાવાળા) નો સંપર્ક કરી તેમની પાસેથી ચિઠ્ઠી લખાવવી. આ મશીન કેટલા દિવસ સુધી વાપરવાનું છે તેની જાણ કરવી. મશીનના વપરાશ માટે ભલામણ પત્ર લઈ નીચેના સરનામે શ્રી રાજેશભાઈ કિરીટ મોદી (દેવ)નો સંપર્ક સવારે ૧૧.૩૦ થી બપોરે ૪.૦૦ સુધીમાં કરવો. પોતાને ખર્ચે મશીન લઈ જઈ પાછું નીચે જણાવેલ સરનામે મશીન મૂકી જવું.

ખાસ નોંધ લેશો કે તમારા ડૉક્ટરની સલાહ મુજબ ઓક્સિજન લેવાનો હોય ત્યારે મશીન વાપરતા પહેલા હોસ્પિટલની નર્સ, જાણકાર વોર્ડબોય હોય તે જરૂરી છે. શરીરમાં ઓક્સિજનના પ્રમાણની નોંધ લઈ તકેદારીપૂર્વક તેઓ જ તમને સહાય કરી શકશે.

સંઘ શ્રીમતી તરૂલતાબેન તેમજ શ્રી રાજેશભાઈ મોદી (દેવ) માટે આવા સુંદર કાર્ય બદલ ધન્યવાદ પ્રદાન કરે છે અને ગર્વની લાગણી અનુભવે છે.

### મશીન પ્રાપ્ત કરવાનું સરનામું

**શ્રી રાજેશ કિરીટભાઈ મોદી (દેવ)**

**બિપીનકુમાર ઈલેક્ટ્રીક કોર્પોરેશન**

૭૮-૮૦, સૌરી બિલ્ડીંગ, બાબુ ગેનુ રોડ,

ઓફ કાલબાદેવી રોડ, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ -૨

---

**શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ તથા શ્રી વાડાસિનોર નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા**

**તા. ૨૬-૯-૨૦૧૭ ને મંગળવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે**

**કે.સી. કોલેજ, ચર્ચગેટ, મુંબઈ-૨૦ ખાતે યોજવામાં આવી છે.**

**તો સર્વ સભ્યોને હાજર રહેવા વિનંતી છે.**

---

## દિવાળી બક્ષિસ

એક અનામી દાતા મિત્ર તરફથી છેલ્લા **૨૭ વર્ષથી** દિવાળી નિમિત્તે અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ **રૂા. ૫૦૦/-** આપવામાં આવે છે. જે ચાલુ વર્ષ દરમ્યાન પણ આપવામાં આવશે.

આનંદ થાય છે કે એક અન્ય અનામી દાતા તરફથી **ત્રીજા વર્ષે** પણ અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ **રૂા. ૭૫૦/-** આપવામાં આવનાર છે.

અન્ય એક દાતા તરફથી **બીજા વર્ષે** પણ અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ **રૂા. ૨૫૦/-** આપવામાં આવશે.

**મુંબઈમાં વસતા કુટુંબોને તા. ૩-૧૦-૨૦૧૭ થી તા. ૧૪-૧૦-૨૦૧૭** સુધીમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી બપોરના ૧૨ થી ૫ના સમયમાં આપવામાં આવશે. **બહારગામ વસતા કુટુંબોને મનીઓર્ડરથી મોકલવામાં આવશે.** બાલાસિનોર ખાતે રહેતા કુટુંબોને શ્રી મણીકાંતભાઈ કડકીઆ મારફતે આપવામાં આવશે.

ત્રણેય દાતાઓનો આભાર - **શ્રી રજનીભાઈ લટકારી**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

તા. ૨જી ઓગસ્ટે મહિલા વિભાગ દ્વારા સંસ્કૃતિ હોલ, બાબુલનાથ ખાતે **'નંદ ઘેર આનંદ ભયો....'** ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આપણી બહેનોએ નંદ મહોત્સવ દરમિયાન ગવાતા ધોળ, પદ, કીર્તન ઉપર સુંદર નૃત્યનાટિકા રજૂ કરી હતી. જેમાં ભગવાન શ્રી કૃષ્ણના મથુરાના કારાગૃહમાં જન્મથી માંડીને નંદમહોત્સવ, પલના, માખણચોરી, નાગદમન, દાણલીલા અને રાસલીલા આવરી લેવામાં આવ્યા હતા.

મુંબઈની તેમજ પરાંની બહેનોએ ટૂંક સમયમાં પ્રેક્ટિસ કરી સુંદર નૃત્ય રજૂ કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન મિનોતીબેન શાહે કર્યું હતું. નૃત્યનાટિકાની કોરિયોગ્રાફી અલ્પા કડકિયાએ અને એના માર્ગદર્શન હેઠળ ફાલ્ગુની શાહે કરી હતી. નૃત્યનાટિકા લાઈવ મ્યુઝિક પર પ્રસ્તુત કરવામાં આવી હતી. તેના ગાયકવૃંદમાં મિનોતીબેન શાહ, નયનાબેન દેસાઈ, લતાબેન કડકીયા અને નિમિષાબેન કડકીઆએ સુંદર કામગીરી નિભાવી હતી. નૃત્યનાટિકા પહેલા ઉર્મિલાબેન વોરાએ જન્માષ્ટમીની વધાઈઓનું ગાન કરી અલૌકિક માહોલ ઉભો કર્યો હતો. ઉત્સવ અનુરૂપ તૈયાર થઈને આવેલી બહેનોને Best Dressના ઈનામ આપવામાં આવ્યા હતા. બહેનોએ બટાટાવડા, વેફર, કાજુકતરી અને લસ્સીને ન્યાય આપી કાર્યક્રમને વાગોળતા છૂટા પડયા હતા.

મહિલા વિભાગ આ ઉત્સવના આયોજનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર આપનાર સહુનો હૃદયપૂર્વક આભાર માને છે.

તા. ૩ જી જૂન ૨૦૧૭ના રોજ મહિલા વિભાગ દ્વારા જયહિંદ કોલેજમાં યોજાયેલ "Fashionista" ના વિજેતાઓના નામ નીચે મુજબ છે.

**"Queen of Balasinor" - સેજલ પરીખ**

**ગ્રુપ - ૧ - ઉંમર વર્ષ ૭ થી ૧૫**

પહેલું ઈનામ : સારીશા કડકીઆ, હિયા શાહ

**ગ્રુપ - ૨ - ઉંમર વર્ષ ૧૬ થી ૩૦**

પહેલું ઈનામ : શ્રધ્ધા દેસાઈ

બીજું ઈનામ : વિધિ દેસાઈ

**ગ્રુપ - ૩ - ઉંમર વર્ષ ૩૧ થી ૪૫**

પહેલું ઈનામ : ટીના મોદી

બીજું ઈનામ : સર્જિતા પરીખ

**ગ્રુપ - ૪ - ઉંમર વર્ષ ૪૬ થી ૫૯**

પહેલું ઈનામ : પ્રીતિ ધારીઆ

બીજું ઈનામ : તનુજા શાહ અને તૃપ્તિ ગાંધી

**ગ્રુપ - ૫, - ઉંમર વર્ષ ૬૦ અને ઉપર**

પહેલું ઈનામ : દીપ્તી પરીખ

બીજું ઈનામ : સોહિણી કડકીયા

**મંત્રી - ભાવેશ બિપીન મોદી**

**સંયોજક - અલ્પા કડકીયા**

મહિલા વિભાગ દ્વારા તા. ૮મી નવેમ્બર ૨૦૧૭ના રોજ બપોરે ૨.૩૦ વાગે ભારતીય વિદ્યાભવન ખાતે દિવાળી **સ્નેહ સંમેલન**નું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમના પાસ તા. ૩૦ ઓક્ટોબર બપોરે ૩ થી ૪.૩૦ દરમ્યાન સંસ્થાની ઓફિસમાંથી આપવામાં આવશે. આવનાર દરેક વ્યક્તિને ૬ મેમ્બરશીપ કાર્ડ પર ૬ પાસ વહેલો તે પહેલોના ધોરણે આપવામાં આવશે.

કાર્યક્રમની વિશેષ માહિતી ઓક્ટોબર મહિનાના અંકમાં આપવામાં આવશે.

**મંત્રી - ભાવેશ બિપીન મોદી** **સંયોજક - અલ્પા કડકીયા**


શ્રી પંકજ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)ના જે જે શ્રી ગોકુલેશ

# આતિથ્ય

✍ શ્રીમતી લીના મંજુલ ધારીઆ (હેડમાસ્તર)

## સુંદર સત્કાર એ પ્રેમનો એક પ્રકાર છે

## કાકડી ઢોસા

**સામગ્રી :** ૧ કપ ચોખાનો લોટ, ૧/૨ કપ રવો, ૧ કાકડી ખમણેલી, ૧ ટી સ્પૂન જીરુ, ૧/૨ ટી સ્પૂન બેકીંગ પાવડર, ૨ ટેબલ સ્પૂન કોથમીર સમારેલી, ૧ ટી સ્પૂન આદુ પેસ્ટ, મીઠું સ્વાદાનુસાર

**રીત :** બધુ બરાબર મીક્સ કરી પાણીથી પુડલા જેવું ખીરું રેડી કરી તપાવેલી લોઝી પર તેલ લગાડી ઢોસા ઉતારવા.

ફુદીના કોથમીર અથવા કોપરાની ચટણી જોડે સર્વ કરવા.

## રાગી ઈડલી

**સામગ્રી :** ૧ કપ રાગીનો લોટ, ૧ કપ ચોખાનો લોટ (કરકરો), ૧/૪ અડદનો લોટ, ૨ ટેબલ સ્પૂન દહીં, ૧ મોટો કાંદો ચોપ્ડ, ૧/૨ કેપ્સીકમ ચોપ્ડ, ૧ ટી સ્પૂન લીલા આદુ મરચા, મીઠું સ્વાદનુસાર, ઈનો.

**રીત :** બધી સામગ્રી બરાબર મીક્સ કરી, જરૂર પડે તો નવશેકુ પાણી લઈ ખીરૂ તૈયાર કરીને અડધો કલાક રાખો. પછી ઈડલીનું સ્ટેન્ડ તેલ કે બટર થી ગ્રીઝ કરી ગરમા ગરમ ઈડલી ઉતારી, કોપરાની ચટણી સાથે સર્વ કરો.

## છેના સ્વીટ પાન (લો કેલેરી સ્વીટડીશ)

**સામગ્રી :** ૧૦ ખાવાના (નાગરવેલનાં) પાન, ૧૦૦ ગ્રામ છેનો, ૧૦૦ ગ્રામ સાકર, ગ્રીન ફુડ કલર, ૧/૨ ટી સ્પૂન એલચી, જાયફળ પાવડર, ૧/૨ ટી સ્પૂન ઘી (ગ્રીસીંગ માટે)

**રીત :** છેલો અને સાકર મીક્સ કરી, ગરમ કરો, તેમાં લીલો રંગ ૨-૪- ડ્રોપ નાખો. એલચી-જાયફળ પાવડર નાંખો. એકદમ લચકા પડતું થાય એટલે ઉતારી લો. ગ્રીઝડ હાથેથી પાનની પાછળ નાનો બોલ બનાવી હાથેથી પાન શેપ આપો. પછી એને પાનમાં મૂકો અને છેનાનું પાન પાન બને એટલે તેમાં લવીંગ ખોસી દો. આમાં તમે ગુલકંદ પણ મૂકી શકો છો.

## એપલ કેક

સામગ્રી : ૧૦૦ ગ્રામ બટર, ૧૦૦ ગ્રામ સાકર, ૨૦૦ ગ્રામ મેંદો (ચાળેલો), ૧ ટી સ્પુન બેકીંગ પાવડર, ૧/૪ ટી સ્પુન તજ પાવડર, ૧ એપલ ગ્રેટેડ

રીત : બટર અને સાકરને બીટ કરો. બધી સામગ્રી સરખી મીક્સ કરી ગ્રીઝડ ટીનમાં રેડી બેટલ સ્પ્રેડ કરવું. ઓવન ૧૭૦° તાપમાને ૩૦ મિનિટ માટે રાખવું. અડધો કલાક પછી સ્વાદિષ્ટ એપલ કેક તૈયાર થઈ જશે.

---

## વાડાસિનોર ગોકુલેશ સમાજ

સભ્યો જોગ,

જત જણાવવાનું કે શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજની ૨૧મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૧૭ને ગુરુવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે પ્રમુખ શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખના પ્રમુખ સ્થાને નીચે જણાવેલ સ્થળે મળશે. સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા અમારું નિવેદન છે.


**સ્થળ : વિલ્સન સ્કૂલ એ.સી. હૉલ, વિલ્સન સ્કૂલ, વિલ્સન સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪**


**લિ. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**
**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) - પ્રમુખ**
**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીયા (હેડમાસ્તર) - માનદ્ મંત્રી**

# રંગોળી

- ત્વેશા નિમીષ શાહ (ઉજડાવાળા)

## ભલે પધાર્યા અમ આંગણિયે





## કણમાં મણ

✤ અરીસામાં પોતાના જ પ્રતિબિંબની આંખમાં આંખ નાખીને જ્યારે સમયને રિવાઈન્ડ કરવામાં જો પોતાનો જ ભૂતકાળ અજાણ્યો લાગે તો માનજો કે તમારા વિતેલા વર્ષોએ તમારા ચહેરા પર કરચલી પાડવા સિવાય બીજું કંઈ કર્યું નથી....

**- કાજલ ઓઝા વૈદ્ય**

✤ સુકર્મ કદી નાશ પામતાં નથી, વિધાતા તેને કર્તાની જરૂરિયાતો માટે સુરક્ષિત રાખે છે.

✤ સંબંધ અને પૈસા બેઉને સરખી રીતે સંભાળવા કારણ કે, બંનેને કમાવવા અઘરા છે અને ગુમાવવા આસાન છે.

✤ જીવન જવાબદારી ભરેલો ખેલ છે, તેમાં ડગલે ને પગલે સમાધાન કરવું જ પડે.

## શ્રી વણીકવાડી વાડાસિનોર ખાતે જમણવાર

દિવાળી શુભ પર્વ નિમિત્તે શ્રી વણીકવાડી વાડાસિનોર ખાતે જમણવારની વ્યવસ્થા રાખેલ છે.

**તા. ૧૬-૧૦-૨૦૧૭ (વાઘ બારસ) થી તા. ૨૧-૧૦-૨૦૧૭ (ભાઈબીજ) સુધી રાખેલ છે.**

**વ્યક્તિ દીઠ રૂા. ૧૭૫/- લેવામાં આવશે.**

**વધુ માહિતી માટે નીચેના વ્યક્તિનો સંપર્ક કરવો**

✤ **શ્રી મહેન્દ્રભાઈ મોદી - ૯૮૨૦૦૧૦૭૨૯**

✤ **શ્રી કેદારભાઈ ગાંધી - ૯૮૨૧૬૮૪૭૭૨**

✤ **શ્રી વસંતભાઈ દેસાઈ - ૯૮૨૧૦૫૪૩૨૯**

✤ **શ્રી સૌમીલ મોદી - ૯૯૨૦૨૧૩૪૨૬**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર
## દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

સતત સાતમા વર્ષે આર્થિક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય આપવામાં આવશે.

મુંબઈ વસતા કુટુંબોને **તા. ૦૩-૧૦-૨૦૧૭ થી તા. ૧૪-૧૦-૨૦૧૭** સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી કામકાજના સમયે બપોરે ૧૨ થી ૫ કલાક દરમ્યાન સહાય આપવામાં આવશે.

બહારગામમાં વસતા કુટુંબોને મનીઓર્ડર મારફતે સહાય મળશે.

બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને શ્રી મણીકાન્ત કડકીઆ મારફતે સહાય આપવામાં આવશે.

**મંત્રી - શ્રી ભાવેશ મોદી** **સંયોજક - શ્રી સમીર ધારીઆ**

### સુધારો

ગત જ્યોતિપુંજ (ઓગસ્ટ ૨૦૧૭)માં પાના નંબર ૧૫ ઉપર આપેલ મેટરને આ પ્રમાણે વાંચવું.

- શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી દક્ષેશભાઈ / શ્રી મિનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ) તથા શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પુરસ્કૃત આંતરીક રમત ગમત ૨૦૧૭-૨૦૧૮
- પેજ નંબર ૨૧ -ફંડ રેઝીંગ સબ કમીટી - શ્રી વ્રજશે દેસાઈ

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

**૧. સ્નેહલતાબેન જશવંતલાલ કોઠારી**
૮૦૩, ૮મે માળે, ઓમ સિધ્ધી વિનાયક ટાવર,
પારસ બિઝનેસ સેન્ટર, કાર્ટર રોડ નંબર-૧,
કસ્તુરબા માર્ગ પોલિસ ચોકી પછી,
બોરીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૬

### જ્ઞાતી ગૌરવ

પ્રશાંત જશવંત પરીખના સુપુત્ર **નેવીલ પ્રશાંત પરીખ** HULT INTERNATIONAL BUSINESS SCHOOL BOSTON (U.S.A.) માંથી ૨૦૧૭માં MASTER OF BUSINESS ADMINISTRATION DEGREE પાસ થયા છે. સંસ્થાવતી હાર્દિક અભિનંદન

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| જયંતીભાઈ મગનલાલ કડકીઆ | ૮૦ |
| રમેશભાઈ ચીમનલાલ શાહ (હાથીખાનાવાલા) | ૮૨ |
| તારાબેન કાંતિલાલ મોદી | ૯૪ |
| પંક્તિ ચીંતક પરીખ | ૧૯ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**